પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર રીટા દવે વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH NDDB

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, આવનારા ભવિષ્યમાં દેશના તમામ 8 કરોડ દૂધ ઉત્પાદક ખેડૂતોને સહકારી માળખા સાથે જોડવા માટે ભારત બીજી શ્વેત ક્રાંતિ માટે તૈયારી કરી રહ્યું છે. આજે આણંદમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ NDDBની સ્થાપનના 60 વર્ષની ઉજવણી અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી શાહે કહ્યું, દેશનું ડેરી ક્ષેત્ર વાર્ષિક 6 ટકાના દરે વૃદ્ધિ કરી રહ્યું છે, જે વિશ્વની સરેરાશ કરતા વધુ છે. શ્રી શાહે આગામી પાંચ વર્ષમાં દેશમાં 2 લાખ સહકારી સંસ્થાઓ સ્થાપવાની સરકારની યોજનાઓનું પણ અનાવરણ કર્યું. ડેરી ક્ષેત્રના વિકાસ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કરતા શ્રી શાહે રાષ્ટ્રીય ગોકૂલ મિશન જેવી સરકારની અનેક પહેલોને રેખાંકિત કરી. મંત્રીએ વૈશ્વિક સ્તરે દેશની સહકારી દૂધ બ્રાન્ડના પ્રચાર માટે NDDBની પણ પ્રશંસા કરી.

.................

## GNR LEGISLATIVE DRAFT WORKSHOP

ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભા મુસદ્દા તાલીમ કાર્યક્રમનો આજે આરંભ થયો. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ગુજરાત વડીઅદાલતના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં અધિકારીઓને કાયદાકીય લખાણ અંગેની તાલીમ આપવામાં આવી હતી..

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે કાયદાના શબ્દો સરળ હોવા જોઈએ, જેથી સામાન્ય માણસ પણ તેને સમજી શકે.. આ પ્રસંગે એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે કાયદાનું ડ્રાફ્ટ કરનાર એક્સપર્ટ ઇનોવેટિવ, ડાયનેમિક્સ, રિયલિસ્ટિક અને રીસર્ચફૂલ હોવા જોઈએ.

આ કાર્યક્રમમાં કાયદા નિષ્ણાતો દ્વારા વિવિધ ક્ષતિરહિત કાયદાઓની રચના કરવા માટેના મૂળભૂત સિદ્ધાંતો તથા ભારતીય બંધારણમાં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

.................

## CM FIDDER BUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ મહાનગરપાલિકાની ફીડર બસ સેવાનો આરંભ કરાવ્યો.

સિંધુભવન રોડ મલ્ટીલેવલ પાર્કિંગથી થલતેજ મેટ્રો સ્ટેશન, પકવાન ચાર રસ્તા, માનસી સર્કલ અને ટાઈમ્સ સ્ક્વેર સિંધુભવન રોડ સુધીના સર્ક્યુલર રૂટ પર બસ સેવાનો પ્રારંભ થયો છે. સિંધુભવન રોડ મલ્ટી લેવલ પાર્કિંગમાં વાહન પાર્ક કરનારા રાહદારીઓને ફીડર બસ સેવાનો નિઃશુલ્ક લાભ મળશે. આ સિવાયના લોકો માત્ર પાંચ રૂપિયા ચુકવીને આપીને આ ફીડર બસમાં પ્રવાસ કરી શકશે. આ રૂટ પર દર ૧૫ મિનિટના સમયાંતરે ફીડર બસ સેવાનો લાભ મળી રહેશે.

મુખ્યમંત્રીએ આ રૂટ પરની જે બે નવી ફીડર બસ/મીની બસને ફ્લેગ ઓફ કરાવ્યું હતુ તેમાં સીસીટીવી કેમેરા, રિઅર વ્યુ કેમેરા જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

-----------------------------------

## JAL SHAKTI AWARD

જળ વ્યવસ્થાપનમાં ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ગુજરાત દેશમાં ત્રીજા સ્થાને રહ્યું છે..

પાંચમા રાષ્ટ્રીય જળપુરસ્કાર એવાર્ડ વિતરણ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે નવી દિલ્હી ખાતે ગુજરાતને આ કેટગરીમાં એવોર્ડ એનાયત થયો હતો..'જળ જીવન મિશન' અંતર્ગત રાજ્યના ૯૦ ટકા ગ્રામીણ ઘરોમાં ૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નળ જોડાણ અને વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦૦ ટકા ઘરોમાં નળ જોડાણ, અમૃત યોજના અંતર્ગત બે હજાર કરોડ રૂપિયાના ખર્ચે ૧૦૦ ટકા શહેરી વિસ્તારોમાં પાણી ઉપલબ્ધ કરાવવાનો સરકારનો લક્ષ્યાંક છે.

કેન્દ્રિય જળ શક્તિમંત્રી સી.આર.પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવ પી.સી.વ્યાસે આ એવાર્ડ સ્વીકાર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા જળ વ્યવસ્થાપન ક્ષેત્રે સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫ હજારથી વધુ જળ સંરક્ષણ અને રેન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ લાગુ કરવામાં આવ્યાં છે. સાથોસાથ જળ સંરક્ષણના વિવિધ કાર્યક્રમો માટે અંદાજે ૮૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હોવાના અસરકારક પગલાં લેવાયા છે.

---------

## KUTCH - GERKAYDESAR 160 BHUNGA

કચ્છના સફેદ રણ ધોરડોમાં અનેક રેસોર્ટમાં ગેરકાયદેસર રીતે ઊભા કરાયેલા 160 ભૂંગાઓને મહેસૂલ વિભાગ દ્વારા તોડી પાડવામાં આવ્યા છે.

સફેદ રણમાં વોચ ટાવર જતા માર્ગે BSF ચેકપોઇન્ટ નજીક આવેલા રિસોર્ટમાં ગેરકાયદેસર દબાણ કરાયેલા આ ભૂંગાઓને તંત્ર દ્વારા દબાણ હટાવવાની સૂચના

આપવામાં આવી હતી પરંતુ સ્વેચ્છાએ દબાણ ન હટતા  તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું.જેમાં 6 રિસોર્ટના કુલ 160 ભૂંગા તોડી પાડવામાં આવ્યા હતા.

ભુજથી ખાવડા જતા માર્ગે 140 થી વધુ રિસોર્ટ-હોટલો આવેલા છે. જેમાં ગેરકાયદે દબાણ કરાયેલ હશે તેને તંત્ર દ્વારા હટાવવાની કડક નોટીસ આપવામાં આવી છે.

-----------------

MAHISAGAR HELMET

મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસે હેલમેટ ન પહેરતા બાઈકચાલકોને ફૂલ આપી હેલમેટ પહેરવા અપીલ કરી હતી.

જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, દંડ એ જ વિકલ્પ નથી. તે આશય સાથે જિલ્લા ટ્રાફિક પોલીસે ફૂલ આપી વાહન ચાલકોને હેલ્મેટ પહેરવા અનુરોધ કર્યો હતો. જ્યારે હેલમેટ પહેરીને બાઈક ચલાવતા ચાલકોને પોલીસે અભિનંદન પણ પાઠવ્યા હતા.

---------------